# કોડ ઓફ
# એથિક્સ

ZENTIVA

# પ્રસ્તાવના

ઝેન્ટિવા ટીમ એક મહાન મેડિસિન કંપની બનાવી રહી છે, જે યુરોપ અને એ સિવાયના લાખો દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાવાળી સસ્તી દવાઓ પ્રદાન કરે છે.

આપણી પાસે છ સુપરપાવરઝેડ છે જે આપણી રોજિંદી પ્રવૃત્તિઓમાં આગળ વધવા માટે આધાર આપે છે, જે છે: ઝડપી, લીન, સર્જનાત્મક, જોડાયેલ, સર્વગ્રાહી અને જવાબદાર. જવાબદારનો અર્થ છે- "યોગ્ય કાર્ય કરવું" - જે આપણી કોડ ઓફ એથિક્સનો સાર છે.

ઝેન્ટિવા તમામ લાગુ કાયદા અને નિયમોનું પાલન કરે છે, સમજે છે કે આપણો વ્યવસાય વિશ્વાસ પર નિર્મિત કરવામાં આવ્યો છે અને આપણે બધા આપણા વ્યવસાયનું સંચાલન નૈતિક રીતે કરવું જોઈએ.

# સીઇઓ નો સંદેશ

“ ઝેન્ટિવા ટીમનો દરેક સભ્ય ઝેન્ટિવાને વધવામાં મદદ કરે છે. જેમ જેમ ઝેન્ટિવા વધે છે તેમ વધુ લોકોને ઉચ્ચ ગુણવત્તાવાળી સસ્તી દવાઓ મળે છે. દવાઓ અને સહાયક સેવાઓની જોગવાઇ દ્વારા ઝેન્ટિવા જાહેર આરોગ્યમાં મોટો ફાળો આપે છે.


જીવનની જેમ, વ્યવસાયમાં પણ, તમારી માત્ર એક જ પ્રતિષ્ઠા છે - તેથી તેની સારી સંભાળ રાખો. આપણે દરેક, આજે જે નિર્ણયો અને પસંદગી કરીએ છીએ તેની આજના ધોરણો દ્વારા તેની સમીક્ષા કરવામાં આવશે, પણ સાથે ભવિષ્યના ધોરણો દ્વારા પણ તેની સમીક્ષા કરવામાં આવશે.

મીડિયામાં એવા ઘણા ઉદાહરણો નોંધાયા છે કે જ્યાં ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં મોટી પ્રતિષ્ઠિત કંપનીઓએ જે તે સમયે કંપનીના શ્રેષ્ઠ હિતમાં હોય તેવી પસંદગી કરી હતી, પરંતુ બાદમાં દર્દીઓ અને હેલ્થકેર સિસ્ટમ માટે અયોગ્ય સાબિત થઇ જેના પરિણામસ્વરૂપ જે તે કંપનીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચી.

એ જ રીતે સ્પર્ધાના કાયદાના ભંગને કારણે ઇયુ અને રાષ્ટ્રીય સરકારો દ્વારા ફાર્માસ્યુટિકલ કંપનીઓ સામે હાઇ પ્રોફાઇલ કાનૂની કેસ કરવામાં આવ્યા છે. વધુમાં, યુનાઇટેડ સ્ટેટ્સે વિદેશી ભ્રષ્ટ વ્યવહાર કાયદા હેઠળ કંપનીઓ અને વ્યક્તિઓ સામે સફળતાપૂર્વક કાર્યવાહી કરી છે.

એક ખરાબ નિર્ણય વર્ષોની પ્રતિષ્ઠાને ખરાબ કરી શકે છે, તેથી ઝેન્ટિવા પર અમે અમારી ટીમના દરેક સભ્યોને દરેક પ્રવૃત્તિને સુસંગત રીતે કરવા માટે કહીએ છીએ; અને સાથે ભવિષ્યનું વિચારીને પ્રશ્ન પૂછો કે: "શું આ યોગ્ય છે?". જો તમે અચોક્કસ હોવ તો, તમારા સાથીઓ અને કાનૂન, કમ્પ્લાયન્સ, એચઆર, ગુણવત્તા અને નાણાકીય બાબતોના આપણા મુખ્ય કાર્યોના નેતૃત્વની સલાહ લો. જો તમે આપણી કંપનીમાં કંઈક અયોગ્ય થતા જોવ - તો આત્મવિશ્વાસ સાથે તેના વિશે બોલો.

ઝેન્ટિવાનો ઉત્તમ અનુપાલન ટ્રેક રેકોર્ડ છે અને આપણે જે પ્રાપ્ત કર્યું છે તેના પર અમને ગર્વ છે, પરંતુ હવે ચાલો આપણે જે કંપની બનવા માંગીએ છીએ તેની તરફ આગળ વધીએ અને જ્યાં પણ શક્ય હોય ત્યાં બાર અને ધોરણ ઊંચું કરીએ. ”



**નિક હગર**
**સીઇઓ-**
**ઝેન્ટિવા**

# વિષય-સૂચિ


| | | |
|---|---|---|
| **1.** | અમારું મિશન, અમારા મૂલ્યો, અમારો કોડ | 06 |
| **2.** | દર્દીઓ, ગુણવત્તા અને સલામતી માટે અમારી પ્રતિબધ્ધતા | 07 |
| 2.1 | અમારી દવાઓની ગુણવત્તા અને સલામતી | 07 |
| 2.2 | દર્દીઓ અને દર્દીઓની સંસ્થાઓ સાથે સહકાર | 08 |
| **3.** | અમારા લોકો | **09** |
| 3.1 | વિવિધતા અને અભેદભાવ | 09 |
| 3.2 | માનવ અધિકાર | 09 |
| 3.3 | કારકિર્દી અને વ્યક્તિગત વિકાસ | 10 |
| 3.4 | સલામત અને સ્વસ્થ કાર્યક્ષેત્ર | 10 |
| 3.5 | ઇનસાઇડર ટ્રેડિંગ | 10 |

**4. અમારો પ્રભાવ** **11**

4.1 પર્યાવરણીય સ્થિરતા 12

4.2 સંશોધન અને વિકાસ 12

4.3 સોશ્યિલ મીડિયા 13

**5. અમારો વ્યવસાય** **14**

5.1 હેલ્થકેર પ્રોફેશનલ્સ સાથે સહકાર 15

5.2 તૃતીય પક્ષો સાથે વાતચીત 15

5.3 લાંચ અને ભ્રષ્ટાચાર સામે લડવું 16

5.4 હિત સંઘર્ષ 16

5.5 એન્ટી મની લોન્ડરિંગ 16

5.6 અવિશ્વાસ અને સ્પર્ધા કાયદો 16

5.7 ટ્રેડ કમ્પ્લાયન્સ 17

5.8 માર્કેટિંગ અને વેચાણ પ્રથાઓ 17

5.9 ડેટાની ગોપનીયતા 18

5.10 ગુપ્તતા અને સાયબર સિક્યોરિટી 18

5.11 આંતરિક નિયંત્રણ, સચોટ રિપોર્ટિંગ, રેકોર્ડ રાખવું 19

**6. બોલવા માટે પ્રોત્સાહન** **20**

6.1 ક્યારે બોલવું? 21

6.2 કોને સંપર્ક કરવો? 21

# 1. અમારું મિશન, અમારા મૂલ્યો, અમારો કોડ

ઝેન્ટિવા ખાતે, ઉચ્ચ ગુણવત્તાવાળી, સસ્તી પ્રિસ્ક્રિપ્શન દવાઓ અને ગ્રાહક બ્રાન્ડ્સના વિકાસ અને સપ્લાય દ્વારા લોકોને સારી રીતે જીવવામાં મદદ કરવાના એક સામાન્ય મિશન દ્વારા આપણે જોડાયેલા છીએ.

અમારા દ્વારા ડિલિવર કરવામાં આવતા દરેક દવાના પેક તબીબી જરૂરિયાતો માટે શ્રેષ્ઠ ઉપચાર મેળવનારા દર્દીઓની સંખ્યામાં વધારો કરે છે, જે આરોગ્યસંભાળના ધોરણોને વધારવામાં મદદ કરે છે અને હવે અને આવનારી પેઢીઓ માટે આરોગ્યસંભાળ પ્રણાલીઓની ટકાઉપણામાં ફાળો આપે છે.

**અમારું મિશન અને આ કોડ સાથે અમારા સુપરપાવરઝેડ (ઝડપી, લીન, સર્જનાત્મક, જોડાયેલ, સર્વગ્રાહી અને જવાબદાર) સારી પસંદગી કરવામાં, પડકારો નેવિગેટ કરવામાં અને અમે જે કરીએ છીએ તેના પર ગર્વ લેવામાં સહાયતા કરે છે.**

આ કોડ અમારા દરેક નિર્ણય લેવા માટે માર્ગદર્શન આપે છે, પછી ભલે તે કેટલું પણ નાનું લાગે. અમે અમારા મૂલ્યોને અનુરૂપ વ્યવહાર કરીએ છીએ જે આ કોડ દ્વારા કાર્યમાં આવે છે.

આ કોડ તમામ ઝેન્ટિવા કર્મચારીઓ અને ઝેન્ટિવા વતી કામ કરનારા દરેકને લાગુ પડે છે. તે મૂળભૂત સિદ્ધાંતોનો સારાંશ આપે છે અને મુખ્ય ક્ષેત્રોનો પ્રારૂપ આપે છે જે આપણી કંપનીમાં વિવિધ કાર્યોની દેખરેખ હેઠળ છે.

જે દેશોમાં અમે વ્યવસાય કરીએ છીએ ત્યાં લાગુ પડતી પ્રથાઓના કોડ અનુરૂપ અમે કામ કરીએ છીએ. ઝેન્ટિવા મેડિસિન ફોર યુરોપ ઇન્ડસ્ટ્રી એસોસિએશનનો પણ સભ્ય છે અને તેની આચારસંહિતાને અનુસરે છે. ઝેન્ટિવાનું સભ્યપદ અમારી વેબસાઇટ પર જાહેરમાં ઉપલબ્ધ છે.




# 2. દર્દીઓ, ગુણવત્તા અને સલામતી માટે અમારી પ્રતિબદ્ધતા

ઝેન્ટિવા ખાતે, દર્દીઓ અને અમે સેવા આપતા તમામ લોકોની સુરક્ષા સર્વોપરી છે. દર્દીઓ, હેલ્થકેર પ્રોફેશનલ્સ, ટ્રેડિંગ પાર્ટનર્સ, રેગ્યુલેટર્સ અને સરકારો ઝેન્ટિવા દ્વારા ઉત્પાદન કરવામાં આવતી દવાઓ પર વિશ્વાસ કરે છે.

## 2.1 અમારી દવાઓની ગુણવત્તા અને સલામતી

અમે એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ કે અમારી તમામ દવાઓ અમારા હિસ્સેદારો દ્વારા અપેક્ષિત ઉચ્ચ ગુણવત્તા અને સલામતીના ધોરણોને પૂર્ણ કરે અને જે અમારા માર્કેટિંગ અધિકૃતતા અને પ્રોડક્ટ ડોઝિયરમાં ઉલ્લેખિત છે.

અમે જે દવાઓ સપ્લાય કરીએ છીએ તેની સલામતી અને અસરકારકતા પર સતત તકેદારી સુનિશ્ચિત કરવા માટે અમે નિયમનકારો અને નિયુક્ત નિરીક્ષકો / ગુણવત્તા સંસ્થાઓ સાથે ભાગીદારીમાં કામ કરીએ છીએ. અમારી પ્રતિબદ્ધતાઓ મુખ્યત્વે અમારી તમામ કાર્યકારી સાઇટ્સમાં પ્રદર્શિત અમારી ગુણવત્તા નીતિમાં ઉલ્લેખિત છે.

ઝેન્ટિવાના બધા ગુણવત્તા અને સલામતી ધોરણો, પ્રક્રિયાઓ અને સિસ્ટમો સારી ઓપરેટિંગ પ્રથાઓ સહિત સારી ક્લિનિકલ, લેબોરેટરી, સંશોધન, ઉત્પાદન, ફાર્માકોવિજિલન્સ અને વિતરણ પદ્ધતિઓ સાથે સુસંગત છે.

અમે અમારા તમામ ઉત્પાદનોની ગુણવત્તા અને સલામતી જાળવીએ છીએ અને નિયમિત ધોરણે આ પરિમાણોને નિયંત્રિત કરીએ છીએ. દર્દીઓ માટે અમારી દવાઓ સલામત છે તેની ખાતરી કરવા માટે દરેક કાર્ય ટ્રેસેબલ છે અને યોગ્ય રીતે રેકોર્ડ કરવામાં આવે છે.

અમે સતત સુધારણા માટે પ્રયત્નશીલ છીએ. અમે અમારા ફાર્માકોવિજિલન્સ અને સલામતી મોનિટરિંગના ભાગરૂપે ટિપ્પણીઓ, ફરિયાદો અને દાવાઓ સહિત ભાગીદારો અને દર્દીઓના તમામ ફીડબેકની સમીક્ષા કરીએ છીએ. અમે સમગ્ર યુરોપમાં અને તે સિવાયના નિયમનકારો સાથે મળીને વ્યાપક આરોગ્યસંભાળ પ્રણાલીમાં શોધાયેલ નવા મુદ્દાઓ અને ડેટાની પ્રતિક્રિયા માટે કામ કરીએ છીએ જેથી અમે દર્દીના જોખમનું મૂલ્યાંકન કરી શકીએ અને કોઈપણ ઓળખાયેલી અને સંમત સુધારાત્મક ક્રિયાઓ રજૂ કરી શકીએ.

## 2.2 દર્દીઓ અને દર્દીઓની સંસ્થાઓ સાથે સહકાર

દર્દીઓ, તેમના પરિવારો, વકીલો અને દર્દી સંસ્થાઓ સાથે સીધી પ્રતિક્રિયા આરોગ્યસંભાળની જરૂરિયાતોને ઉજાગર કરવાનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

દર્દીઓ અને દર્દી સંસ્થાઓ સાથે સંપર્ક અને કામ પારદર્શક રીતે, લાગુ પડતા સ્થાનિક કાયદાઓ અથવા નિયમો અનુસાર કરવામાં આવે છે. અમારી પ્રતિક્રિયાઓ શૈક્ષણિક અને સહાયક પરંતુ નોન-પ્રમોશનલ હશે.



# 3. અમારા લોકો

ઝેન્ટિવા ખાતે, આપણામાંના દરેક કુશળતા, અનુભવ અને પ્રતિભાનું પોતાનું અનન્ય મિશ્રણ લાવે છે. આપણે દરરોજ તેમના પર નિર્ભર લોકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળી સસ્તી દવાઓના વિકાસ, ઉત્પાદન અને સપ્લાયમાં ફાળો આપીએ છીએ. આપણે કોણ છીએ, આપણે શું જાણીએ છીએ અને કેવી રીતે કાર્ય કરીએ છીએ તે કંપની માટે ટોન સેટ કરે છે. ઝેન્ટિવા એ કામ કરવા માટેનું એક ઉત્તમ સ્થળ છે જ્યાં આપણે આપણું સાચું વ્યક્તિત્વ બતાવી શકીએ છીએ અને ખ્યાલ આવે છે કે શેના માટે પ્રયત્ન કરી રહ્યા છીએ.

## 3.1 વિવિધતા અને અભેદભાવ

અમને અમારા વિવિધ કાર્યકારી વાતાવરણ પર ગર્વ છે. અમે દરેક વ્યક્તિની વિશિષ્ટતાને માન આપીએ છીએ. અમે લિંગ, લિંગ ઓળખ, ઉંમર, સંસ્કૃતિ, ધર્મ, જાતીય અભિગમ, શારીરિક દેખાવ, ક્ષમતા, યુનિયન જોડાણ અથવા રાજકીય અને અન્ય મંતવ્યોના આધારે ભેદભાવ કરતા નથી. અમારું કાર્યક્ષેત્ર દરેકને તેમનું સાચું વ્યક્તિત્વ બતાવા માટે પ્રોત્સાહિત કરે છે કારણ કે અમે માનીએ છીએ કે વિશ્વસનીયતા અને વિવિધતા મહાન ઉર્જા અને શક્તિનો સ્રોત છે.

## 3.2 માનવ અધિકાર

ઝેન્ટિવા ખાતે, અમે અપેક્ષા રાખીએ છીએ કે દરેક વ્યક્તિ માનવ અધિકારોનું સન્માન કરે. અમે ભેદભાવ, સતામણી, બદલો, ધાકધમકી, અપમાન, દાદાગીરી, અયોગ્ય વર્તન અથવા અયોગ્ય આચરણને કોઈપણ સમયે સહન કરતા નથી.

અમે અમારી સમગ્ર પ્રક્રિયામાં માનવાધિકારના આદરના સંબંધમાં કોઈપણ જોખમને ઓળખવા અને તેને તાત્કાલિક ઉકેલવા માટે અમારી આંતરિક પ્રક્રિયાઓને સુધારવાનો પ્રયત્ન કરીએ છીએ. અમારી પાસે આધુનિક ગુલામી, બળજબરીથી કામ અથવા માનવ તસ્કરીના કોઈપણ સ્વરૂપો માટે શૂન્ય સહિષ્ણુતા છે.

અમે અમારા કર્મચારીઓને યોગ્ય અને લાગુ કાયદાકીય જરૂરિયાતો અનુસાર વળતર આપીએ છીએ. અમે લેબર યુનિયનનો ભાગ બનવાના કર્મચારીઓના અધિકારનું સન્માન કરીએ છીએ અને અમે અમારા લોકો અને અમારી કંપની માટે શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરવા માટે યુનિયનો સાથે મળીને કામ કરીએ છીએ.

અમે દરેક બાળકના શિક્ષણ અને વ્યક્તિગત વિકાસના અધિકારનું સન્માન કરીએ છીએ અને અમે કોઈપણ પ્રકારની બાળમજૂરી સહન કરતા નથી.

## 3.3 કારકિર્દી અને વ્યક્તિગત વિકાસ

અમે માનીએ છીએ કે અમારી ટીમમાં દરેક પાસે પ્રતિભા છે અને અમે અમારા કર્મચારીઓને તેમની શક્તિઓને અનલોક કરવા માટે શીખવા અને વિકાસમાં મદદ કરવા અને તેને અમારી કંપનીના પ્રદર્શનમાં ફેરવવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે વ્યક્તિગત વિકાસ અને કારકિર્દીની પ્રગતિને સક્રિયપણે પ્રોત્સાહિત કરીએ છીએ - જેની અમારા ઝેન્ટિવા ટેલેન્ટ અને ડેવલપમેન્ટ પ્રોગ્રામના ભાગ રૂપે નિયમિતપણે સમીક્ષા કરવામાં આવે છે. 1: 1 વાતચીત અને ટીમની સમીક્ષાઓ દ્વારા વિકાસ અને વૃદ્ધિ માટે સમર્થન પારદર્શક રીતે હાથ ધરવામાં આવે છે.

## 3.4 સલામત અને સ્વસ્થ કાર્યસ્થળ

અમે અમારી ટીમોની સુખાકારીને ટેકો આપીએ છીએ અને કર્મચારીઓની સલામતી અને આરોગ્યને સુરક્ષિત અને પ્રોત્સાહન આપવા માટે સખત મહેનત કરીએ છીએ. અમે કાર્યસ્થળની સલામતી અને ઔદ્યોગિક સ્વચ્છતા નીતિઓ, કાયદાઓ, નિયમો અને ધોરણોનું પાલન કરીએ છીએ જેથી દરેક વ્યક્તિ કામ પર પોતાને સુરક્ષિત અનુભવે. અમે નિયમિત જોખમ મૂલ્યાંકન કરીએ છીએ અને અમારી તમામ ટીમને આરોગ્ય અને સલામતીની જવાબદારી લેવા પ્રોત્સાહિત કરીએ છીએ. આ રીતે અમે કાર્યસ્થળ પર અકસ્માતોના જોખમને ઘટાડવા માટે પ્રયત્ન કરીએ છીએ અને ખાતરી કરીએ છીએ કે નિયંત્રિત પદ્ધતિઓ અમલમાં છે અને અસરકારક છે. ઝેન્ટિવા "#વિ કેર - અમે જવાબદાર છીએ" કાર્યક્રમ દ્વારા તેના કર્મચારીઓના આરોગ્ય અને સલામતીની હિમાયત કરે છે.

## 3.5 ઇનસાઇડર ટ્રેડિંગ

પ્રસંગે શક્ય છે કે ઝેન્ટિવા કર્મચારી (ઓ) એવા પ્રોજેક્ટ્સમાં સામેલ થશે જ્યાં તૃતીય પક્ષની ગોપનીય માહિતી અમારી સાથે ગુપ્તતા અથવા બિન-જાહેર કરાર હેઠળ શેર કરવામાં આવે. બધા ઝેન્ટિવા કર્મચારીઓ ગુપ્તતા કરારની શરતોને સમાપ્ત થાય ત્યાં સુધી આદર કરવા બંધાયેલા છે. આ ઉપરાંત જ્યાં આવી માહિતી એવી કંપની સાથે સંબંધિત છે કે જેના શેરનો સાર્વજનિક રીતે ટ્રેડ થાય છે, તે માહિતી કેટલી હદે શેર-ભાવ સંવેદનશીલ છે તેની સમીક્ષા કરવામાં આવશે. આવી માહિતીને શેર-ભાવ સંવેદનશીલ ગણવામાં આવે તો, "ઇન્સાઇડર" ની સૂચિ બનાવવામાં આવશે અને આ વ્યક્તિઓ પર પૂર્વ-નિર્ધારિત સમયગાળા માટે તે કંપની સાથે સંબંધિત પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈપણ રોકાણ કરવા પર પ્રતિબંધ રહેશે.

અમારા કર્મચારીઓએ ઇનસાઇડર ટ્રેડિંગ પર કોર્પોરેટ નીતિનું પાલન કરવું જરૂરી છે.

**અમારા કર્મચારીઓ નૈતિક રીતે અને ઝેન્ટિવા કોડ ઓફ એથિક્સ અનુસાર કાર્ય કરે તેવી અપેક્ષા છે. આપણે બધા કંપનીના એમ્બેસેડર છીએ અને આપણે બધાએ જવાબદારીપૂર્વક વર્તવાની જરૂર છે. કોડ ઓફ એથિક્સના ઉલ્લંઘનના કિસ્સામાં, જે તે કર્મચારી (ઓ) શિસ્તભંગની કાર્યવાહીને પાત્ર હોઈ શકે છે. ગંભીર કિસ્સાઓમાં ઉલ્લંઘનનું પરિણામ બરતરફી થઈ શકે છે અને ઉલ્લંઘનની જાણ યોગ્ય અધિકારીઓને કરવામાં આવશે.**



# 4. અમારો પ્રભાવ

દરેક નવી દવા જે ઝેન્ટિવા લોન્ચ કરે છે તેનાથી દરેક દેશની આરોગ્યસંભાળ પ્રણાલીઓ માટે તે દવાની કિંમત ઘટે છે. સચોટ પુરાવા છે કે જેમ જેમ સ્પર્ધા વધે છે અને દવાઓની કિંમત ઓછી થાય છે તેમ વધુ દર્દીઓને તે "ગોલ્ડ-સ્ટાન્ડર્ડ" દવા મળે છે. જાહેર આરોગ્યમાં આ યોગદાન ઝેન્ટિવા દ્વારા વિપુલ છે જે લાખો દર્દીઓને દર વર્ષે વધુ સારા, તંદુરસ્ત જીવન જીવવામાં મદદ કરે છે અને સાથે હેલ્થકેર સિસ્ટમના સેંકડો લાખો યુરો બચાવે છે.

અમે યુરોપ અને આંતરરાષ્ટ્રીય સ્તરે બાયો-સમકક્ષ દવાઓ વિકસાવવા માટે સંશોધન અને વિકાસમાં સતત રોકાણ કરીએ છીએ અને સાથે દર્દીઓ માટે દવાઓ સુધારવા, નવી દવાઓને સંયોજનમાં લાવવા અને દર્દીની અપૂર્ણ જરૂરિયાતોને પહોંચી વળવા નવીન સારવાર તૈયાર કરવા માટે કામ કરીએ છીએ.

જેમ અમે કામ કરીએ છીએ તેમ જ અમે સ્થિરતાના મહત્વ પ્રત્યે સભાન છીએ. અમે પર્યાવરણ પર અમારા પ્રભાવને સતત ઘટાડવાનો પ્રયત્ન કરીએ છીએ કારણ કે આપણે બધા એક જ ગ્રહના રહેવાસીઓ છીએ.

## 4.1 પર્યાવરણીય સ્થિરતા

અમે માનીએ છીએ કે પર્યાવરણનું રક્ષણ કરવું અને પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપવું એ યોગ્ય બાબત છે. અમારા મિશન પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે અમે અમારા ઉત્પાદનોના સમગ્ર જીવન ચક્ર દરમ્યાન અમારી પ્રવૃત્તિઓની પર્યાવરણીય અસરને મર્યાદિત કરવાનો પણ પ્રયત્ન કરીએ છીએ.

અમારી એકંદર વિઝન 2030 સુધીમાં કાર્બન ન્યુટ્રલ રહેવાની છે. આમ, અમે એક પ્રોગ્રામ વિકસાવ્યો છે જે ઉર્જા, પાણીનો વપરાશ, કચરાના વ્યવસ્થાપન અને જૈવવિવિધતાને લક્ષ્યમાં રાખે છે. સ્થિર ભવિષ્ય માટે આપણે આજે પગલાં લેવાની જરૂર છે.


ઝેન્ટિવા ખાતે, અમે અમારી આસપાસના પર્યાવરણની કાળજી રાખીએ છીએ, તેથી અમે અમારા પ્રોગ્રામ પ્લેનેટઝેડને પ્રોત્સાહન આપીએ છીએ જે આપણા ગ્રહને બચાવવામાં મદદ કરવા માટે અમે હાથ ધરેલી તમામ પ્રવૃત્તિઓને સમાવે છે.

PlanetZ

## 4.2 સંશોધન અને વિકાસ

અમારા ઉત્પાદનો કંપનીમાં અમારા નવીન અભિગમને પ્રતિબિંબિત કરે છે. અમારા દર્દીઓને ઉચ્ચ ગુણવત્તાવાળી અને સસ્તી દવાઓ પહોંચાડવા માટે અમે પ્રતિબદ્ધ છે. અમે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ છીએ અને અમારા ઉત્પાદનોની ગુણવત્તા અને સલામતી વધારવા માટે હંમેશા અમારા વિકાસમાં નવીન ઉકેલો શોધીએ છીએ. અમારી વિકાસ ટીમ સંશોધન પ્રવૃત્તિઓ પર પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો અને વિદ્વાનો સાથે નજીકથી કામ કરે છે જે અમારા ઉદ્યોગને આગળ વધારવામાં મદદ કરે છે.






## 4.3 સોશિયલ મીડિયા

ઝેન્ટિવા ખાતે, આપણે દરરોજ જે કરીએ છીએ તેના માટે આપણે જવાબદાર છીએ. સોશિયલ મીડિયા સંદેશાવ્યવહાર અને પ્રતિક્રિયાની મુખ્ય ચેનલ બની ગયું છે અને આપણે બધા તેની ઘેરી અસરને સમજીએ છીએ.

અમારા કર્મચારીઓ અમારા એમ્બેસેડર છે, આમ તેઓ અમારી કંપનીનો ચહેરો છે. સોશિયલ મીડિયા તાલીમ અમારા ઓનબોર્ડિંગ પ્રોગ્રામનો એક ભાગ છે અને આ ચેનલો પર આપણે કોના સાથે અને કેવી રીતે વાતચીત કરવી જોઈએ તેની માહિતી શામેલ છે.

દરેક કર્મચારી વ્યક્તિગત રીતે તેમના પોતાના શબ્દો માટે જવાબદાર છે, તેઓ એક વ્યક્તિ તરીકે બોલે છે અને અમારી કંપની વતી નહીં, સિવાય કે તેઓ આમ કરવા માટે અધિકૃત નિયુક્ત કર્મચારી હોય, અને જો તેઓ હોય પણ, તો અમે આંતરિક રીતે સંમત સત્તાવાર હોદ્દાને અનુસરીએ છીએ અને ક્યારેય ગુપ્ત માહિતી જાહેર કરતા નથી. અમે જાણીએ છીએ કે કોઈપણ સંચારિત માહિતીનો ઉપયોગ અમારી કંપનીના હિતોને પડકારવા માટે થઈ શકે છે, ખાસ કરીને જ્યારે શબ્દો કાળજીપૂર્વક પસંદ ન કરવામાં આવે.

ઝેન્ટિવા સાથે અમારા (રોજગાર) સંબંધને ઓનલાઈન જાહેર કરતી વખતે, અમે સ્પષ્ટ કરીએ છીએ કે અમારા નિવેદનો, વિચારો અને/અથવા મંતવ્યો વ્યક્તિગત છે અને તે અમારી કંપનીની સ્થિતિનું પ્રતિનિધિત્વ કરતા નથી.

અમે ધ્યાનમાં રાખીએ છીએ કે સોશિયલ મીડિયા પરની કોઈપણ પોસ્ટ અમર્યાદિત સમયગાળા માટે વૈશ્વિક સ્તરે એક્સેસીબલ હોઈ શકે છે અને ગુપ્તતા તેમજ કોઈપણ માહિતીની અખંડિતતાની ખાતરી કરવામાં આવતી નથી. તદુપરાંત, જ્યારે માત્ર હેલ્થકેર પ્રોફેશનલ્સ માટે બનાવાયેલ કન્ટેન્ટ શેર કરવામાં આવે ત્યારે, અમે હંમેશા ખાતરી કરીએ છીએ કે તમામ સંબંધિત આંતરિક નિયમો અને લાગુ પડતી કાનૂની જરૂરિયાતો પૂરી કરવામાં આવે છે.

# 5. અમારો વ્યવસાય

ઝેન્ટિવા ખાતે, અમે નિષ્પક્ષ અને પારદર્શક રીતે કાર્ય કરીએ છીએ. અમારો વ્યવસાય વિશ્વાસ પર આધારિત છે અને અમે ખાતરી કરીએ છીએ કે અમે નૈતિક અને યોગ્ય રીતે સ્પર્ધા કરીએ છીએ. અમારી પાસે ભ્રષ્ટાચાર અને લાંચ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા છે અને બદલામાં અમે સમાન અભિગમની અપેક્ષા રાખીએ છીએ. અમે યોગ્ય મહેનત કરીએ છીએ અને કાર્યમાં જોડવા પહેલા તૃતીય પક્ષોની જોખમ આધારિત પ્રતિષ્ઠિત તપાસ કરીએ છીએ અને અમારા આંતરિક નિયમો અને ઉદ્યોગના ધોરણોને સખત રીતે અનુસરીએ છીએ.

માલ અને સેવાઓ પસંદ કરતી વખતે, અમે અમારા સપ્લાયરોને કાળજીપૂર્વક પસંદ કરીએ છીએ. ઝેન્ટિવા ખાતે, અમે સપ્લાયરોને અમારા સપ્લાયર આચાર સંહિતાનું પાલન કરવાની જરૂર છે જે આરોગ્ય, સલામતી, વ્યવસાયિક નૈતિકતા, પર્યાવરણ અને શ્રમની મુખ્ય જરૂરિયાતોનો સારાંશ છે.
વધુ માહિતી માટે, કૃપા કરીને સપ્લાયર આચાર સંહિતાનો સંદર્ભ લો.



## 5.1 હેલ્થકેર પ્રોફેશનલ્સ સાથે સહકાર

ઝેન્ટિવા દરરોજ હેલ્થકેર પ્રોફેશનલ્સની વિશાળ શ્રેણી સાથે કામ કરે છે. અમારી સેલ્સ ટીમો ચિકિત્સકો, ફાર્માસિસ્ટ, જથ્થાબંધ વેપારીઓ, વિતરકો અને હોસ્પિટલ પ્રાપ્તિ ટીમો સાથે ક્લિનિકલ તર્ક અને અથવા વ્યાપારી શરતો (જ્યાં ચર્ચા વ્યાપારી સ્વભાવની છે) આધારિત મંજૂર કરેલ ઝેન્ટિવાની દવાઓને પ્રસ્તાવિત કરવા માટે વાત કરે છે.

અમે ઝેન્ટિવા વતી હેલ્થકેર પ્રોફેશનલ્સ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ સંબંધિત માહિતી પ્રકાશિત કરીએ છીએ. અમે કોઇ અયોગ્ય ચૂકવણી અથવા કિંમતના અન્ય ટ્રાન્સફરની ઓફર અથવા માંગણી કરતા નથી.

કોંગ્રેસ, સતત તબીબી શિક્ષણ, શૈક્ષણિક સામગ્રી, નમૂના, શૈક્ષણિક સભાઓ, પ્રમોશનલ વસ્તુઓ, તબીબી ઉપયોગિતા વસ્તુઓ અને નગણ્ય મૂલ્યની ભેટો સંબંધિત પ્રવૃત્તિઓ કંપનીની નીતિ અને કાનૂની/ઉદ્યોગ ધોરણો અનુરૂપ સખત રીતે નિયંત્રિત છે.

## 5.2 તૃતીય પક્ષો સાથે વાતચીત

દર વખતે જ્યારે અમે તૃતીય પક્ષોને સહકાર આપીએ છીએ ત્યારે અમે તમામ કાયદાકીય અને આંતરિક નિયમોનું ચુસ્તપણે પાલન કરીએ છીએ.

અમે હંમેશા ખાતરી કરીએ છીએ કે અમે વિશ્વસનીય ભાગીદારો સાથે સહકાર કરીએ છીએ જે નૈતિક વર્તન સંબંધિત અમારી જરૂરિયાતોને પૂર્ણ કરે છે. અમે અપેક્ષા રાખીએ છીએ કે અમારા સપ્લાયરો અમારા સપ્લાયર આચારસંહિતાને અનુસરશે અને અમે ખાતરી કરીએ છીએ કે સપ્લાયર પર્યાવરણ, શાસન અને વ્યવસાયના સામાજિક પરિમાણોને લગતી અમારી જરૂરિયાતોને અનુસરે છે.

ઇવેન્ટને સ્પોન્સર કરતી વખતે અથવા સંચાલિત કરતી વખતે અમે અમારા આંતરિક નિયમોનું પાલન કરીએ છીએ અને હંમેશા ખાતરી કરીએ છીએ કે આવી પ્રવૃત્તિઓ માટેની જરૂરિયાતો પૂરી થાય છે.

સ્પષ્ટ દલીલ અને સંબંધિત ડેટાના આધારે પારદર્શક રીતે રાજકારણીઓને ઝેન્ટિવાના વ્યવસાય અને વ્યવસાયિક હિતોનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે. હાથ ધરવામાં આવેલી તમામ પ્રવૃત્તિઓ માટે ઝેન્ટિવા સીઇઓની મંજૂરી જરૂરી છે અને કોઇપણ તબક્કે કોઈપણ રાજકીય દાન અથવા સ્પોન્સરશિપનો સમાવેશ થશે નહીં.

અમારા કર્મચારીઓએ તૃતીય પક્ષો સાથે વાતચીત પર કોર્પોરેટ નીતિ, ઝેન્ટિવા અને તૃતીય પક્ષ ઇવેન્ટ્સ પર કોર્પોરેટ નીતિ અને યોગ્ય ખંત પ્રક્રિયા પર કોર્પોરેટ માર્ગદર્શિકાનું પાલન કરવું જરૂરી છે.

## 5.3 લાંચ અને ભ્રષ્ટાચાર સામે લડવું

ઝેન્ટિવા ખાતે, સ્થાનિક પ્રથા અથવા રિવાજને ધ્યાનમાં લીધા વગર, અમે કોઈપણ પ્રકારની લાંચ અથવા ભ્રષ્ટાચારથી મુક્ત છીએ. અમે તમામ પ્રકારના ભ્રષ્ટાચાર (પરોક્ષ અને નિષ્ક્રિય સહિત) સામે લડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ.

અમે જે તૃતીય પક્ષોને સહકાર આપવા માંગીએ છીએ તેના કામની કાળજીપૂર્વક દેખરેખ રાખીએ છીએ જેથી અમે ખાતરી કરી શકીએ કે તેઓ એવી પ્રવૃત્તિમાં સામેલ ન થાય કે જે લાંચ અથવા ભ્રષ્ટાચાર તરીકે માનવામાં આવે. જાહેર ખરીદી કરતી વખતે પણ અમે આ નિયમો લાગુ કરીએ છીએ.

**વધુ માહિતી માટે, કૃપા કરીને લાંચ વિરોધી નિયમો પર કોર્પોરેટ નીતિનો સંદર્ભ લો.**

## 5.4 હિત સંઘર્ષ

ઝેન્ટિવામાં તમામ કર્મચારીઓને ઔપચારિક રૂપે કોઈપણ સંભવિત અથવા હિતના વાસ્તવિક સંઘર્ષો ઓળખવા અને કોઈપણ તૃતીય પક્ષ તરફથી મળેલી કોઈપણ ભેટ જાહેર કરવાની જરૂર છે. મેળવેલ કોઈપણ આતિથ્ય સાધારણ અને ઉદ્યોગ ધોરણો સાથે સુસંગત હોવી જોઈએ.

ઝેન્ટિવા એચઆર અને કમ્પ્લાયન્સ ટીમો દ્વારા હિતોના સંઘર્ષનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે, સમીક્ષા કરવામાં આવશે અને તેને ઘટાડવામાં આવશે જેથી તેઓ ઝેન્ટિવાના હિતનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ કરતી વ્યક્તિ અથવા ટીમની ક્ષમતા પર અસર કરે નહીં.

ઝેન્ટિવા ટીમ કોઈપણ રાજકીય સક્રિયતાથી દૂર રહે છે અને સુનિશ્ચિત કરે છે કે અન્ય હિતો દ્વારા પ્રભાવિત થઈ શકે તેવા નિર્ણયો અથવા અમારી ઉદ્દેશ્યતાને પડકારવામાં આવી શકે તેવા નિર્ણયો માટે અમે ઉચ્ચ મેનેજમેન્ટને સૂચિત કરીએ છીએ.

અમારા કર્મચારીઓએ હિતના સંઘર્ષ પર કોર્પોરેટ નીતિનું પાલન કરવું જરૂરી છે.

## 5.5 એન્ટી મની લોન્ડરિંગ

અમે તમામ લાગુ મની લોન્ડરિંગ વિરોધી અને આતંકવાદ વિરોધી કાયદાઓનું સંપૂર્ણ પાલન કરવા માટે પ્રતિબદ્ધ છીએ. અમે કાયદેસર સ્રોતો અને કાનૂની વ્યવસાયિક પ્રવૃત્તિઓમાંથી મેળવેલા ભંડોળનો ઉપયોગ કરીને પ્રતિષ્ઠિત ભાગીદારો સાથે અમારો વ્યવસાય કરીએ છીએ. અમે કોઈપણ શંકાસ્પદ ટ્રાન્સેક્શનથી દૂર રહીએ છીએ અને મની લોન્ડરિંગના કોઈપણ સંકેતોની જાણ યોગ્ય અધિકારીઓને કરીશું.

## 5.6 અવિશ્વાસ અને સ્પર્ધા કાયદો

ઝેન્ટિવા ખાતે, અમે કોઈપણ વર્તણૂકને સહન કરતા નથી જે મુક્ત અને નિષ્પક્ષ સ્પર્ધાને અટકાવે,પ્રતિબંધિત

કરે અથવા બગાડે છે. અમે હંમેશા તૃતીય પક્ષો સાથે નિષ્પક્ષ અને જવાબદારીપૂર્વક કામ કરીએ છીએ અને બદલામાં સમાન અભિગમની અપેક્ષા રાખીએ છીએ. અમે આ નિયમોનો ભંગ કરી શકે તેવા તૃતીય પક્ષ સાથેની કોઈપણ ચર્ચામાંથી ખસી જવામાં અચકાતા નથી.

જ્યારે અમે તૃતીય પક્ષના સંપર્કમાં હોઇએ ત્યારે અમે તમામ લાગુ સ્પર્ધા કાયદાનું પાલન કરીએ છીએ.

## 5.7 ટ્રેડ કમ્પ્લાયન્સ

ઝેન્ટિવા ખાતે, અમે બંધી, પ્રતિબંધો, રિવાજો અને બહિષ્કાર વિરોધી કાયદા સહિત તમામ લાગુ નિકાસ, આયાત અને ટ્રેડ કમ્પ્લાયન્સ કાયદાઓનું પાલન કરીએ છીએ. અમારી પાસે એક અસરકારક ટ્રેડ કમ્પ્લાયન્સ પ્રોગ્રામ છે જે અસ્વીકૃત પક્ષોની સૂચિની તપાસને પણ આવરી લે છે.

અમારા કર્મચારીઓએ આર્થિક મંજૂરીઓ પર કોર્પોરેટ નીતિનું પાલન કરવું જરૂરી છે.



## 5.8 માર્કેટિંગ અને વેચાણ પ્રથાઓ

અમારી દવાઓનું માર્કેટિંગ કરતી વખતે અમે હંમેશા સારી વૈજ્ઞાનિક અને પ્રમોશનલ પદ્ધતિઓનું પાલન કરીએ છીએ. અમે પૂરી પાડેલી તમામ માહિતી (ભલે પ્રિન્ટેડ હોય, ઇલેક્ટ્રોનિક હોય કે મૌખિક) સચોટ, ઉદ્દેશ્યપૂર્ણ, સંતુલિત, પ્રમાણિત, વૈજ્ઞાનિક રીતે અપ-ટુ-ડેટ, વિશ્વસનીય અને વર્તમાન વૈજ્ઞાનિક ડેટા અને લાગુ કાયદાઓ સાથે સુસંગત છે. પૂરી પાડવામાં આવેલ માહિતી તેના પ્રાપ્તકર્તાઓ સમજી શકે તેવી સ્થાનિક ભાષામાં વાંચી શકાય તેવા સ્વરૂપમાં એક્સેસીબલ છે.

અમારી તમામ પ્રમોશનલ સામગ્રી જે દેશમાં પ્રમોશન કરવાનું છે તેના સંબંધિત કાયદાઓ અને માર્કેટિંગ અધિકૃતતા (ઓ) અથવા સંદર્ભ દસ્તાવેજ (જો) નું પાલન કરે છે.

જ્યારે મેડિસિનલ પ્રોડક્ટનું પ્રમોશન લોકો પર કેન્દ્રિત કરવામાં આવે છે ત્યારે વધારાની જરૂરિયાતો પૂરી થાય છે. સંબંધિત પ્રમોશન હંમેશા જાહેર કરશે કે તે મેડિસિનલ પ્રોડક્ટનું પ્રમોશન છે અને પ્રાપ્તકર્તાને પોતાનો અભિપ્રાય બનાવવા માટે મદદ કરશે.


અમારા ગ્રાહકો અને/અથવા હેલ્થકેર પ્રોફેશનલ્સ સાથે વાતચીત કરતી વખતે, અમે હંમેશા ખાતરી કરીએ છીએ કે અમારી પ્રમોશનલ પ્રવૃત્તિઓ નૈતિક રીતે કરવામાં આવે છે. અમે અપ્રમાણિક, છેતરામણી અથવા ભ્રામક આચરણમાં જોડાતા નથી. આક્રમક વેચાણ તકનીકો સ્વીકારવામાં આવતી નથી.

## 5.9 ડેટાની ગોપનીયતા

ઝેન્ટિવા ખાતે, અમે પ્રોસેસ કરેલા વ્યક્તિગત ડેટા વિશે હંમેશા પારદર્શક છીએ. ડેટા ગોપનીયતાના ક્ષેત્રમાં અમે લાગુ કાયદાનું ચુસ્તપણે પાલન કરીએ છીએ અને સ્થાનિક વિશિષ્ટતાઓ અને કાનૂની જરૂરિયાતોને અનુસરીએ છીએ.

અમે ચોક્કસ, કાયદેસર અને જરૂરી હેતુ માટે વ્યક્તિગત ડેટા એકત્રિત કરીએ છીએ, તેનો ઉપયોગ કરીએ છીએ, જાહેર કરીએ છીએ અથવા સંગ્રહિત કરીએ છીએ અને આવશ્યકતા કરતાં વધુ લાંબા સમય સુધી તેનો ઉપયોગ કરતા નથી. અમે તમામ વ્યક્તિગત ડેટાને પ્રોસેસ કરતી વખતે તેને સુરક્ષિત કરવાના પર્યાપ્ત ધોરણોનો ઉપયોગ કરીએ છીએ અને યુરોપિયન યુનિયન અથવા યુરોપિયન ઇકોનોમિક એરિયામાં અથવા બહાર સિટેડ હોય તેવા અમારા ભાગીદારો પાસેથી સમાન વલણની અપેક્ષા રાખીએ છીએ.

અમારા કર્મચારીઓએ વ્યક્તિગત ડેટા પ્રોસેસિંગ પર કોર્પોરેટ નીતિનું પાલન કરવું જરૂરી છે.



## 5.10 ગુપ્તતા અને સાયબર સિક્યોરિટી

ઝેન્ટિવા અત્યંત સ્પર્ધાત્મક વ્યાપારી વાતાવરણમાં કાર્ય કરે છે અને કંપનીની જાણકારી, વેપારના રહસ્યો અને બૌદ્ધિક સંપદાનું રક્ષણ કરવાની દરેક કર્મચારીની જવાબદારી છે.

કેટલાક કિસ્સાઓમાં ઝેન્ટિવા કર્મચારીઓએ કાનૂની વિવાદ અથવા બાહ્ય તપાસના કિસ્સામાં ચોક્કસ વિષય માટે સંબંધિત માહિતી રોકી રાખવાની જરૂર રહેશે. સામગ્રી, દસ્તાવેજો, ફાઇલો, રેકોર્ડ્સ, ઇમેઇલ્સને સાચવવાની જરૂરિયાત યોગ્ય રીતે ઝેન્ટિવા કાનૂની કાર્ય દ્વારા નિર્દેશિત કરવામાં આવશે.

સાયબર સિક્યોરિટી એ અમારી કામગીરી, માહિતીના પ્રવાહ, સિસ્ટમો, પ્રક્રિયાઓ અને બૌદ્ધિક સંપદાની અખંડિતતા જાળવવાનો મુખ્ય ઘટક છે. તમામ કર્મચારીઓએ અમારા આઇટી અને ડેટા સુરક્ષા નિયમોનું પાલન કરવું પડશે. સાયબર-ક્રાઇમનો ખતરો મોટો છે અને સૌથી નબળી લિંક ન મળે ત્યાં સુધી જ આપણે સશક્ત છીએ. આઇટી / ડેટા સુરક્ષા નિયમોનો કોઈપણ ભંગ કંપનીને જોખમમાં મૂકી શકે છે અને શિસ્તભંગની કાર્યવાહી અને બરતરફી તરફ દોરી શકે છે.

## 5.11 આંતરિક નિયંત્રણ, સચોટ રિપોર્ટિંગ અને રેકોર્ડ રાખવું

ઝેન્ટિવા ખાતે, અમે અમારા હિસ્સેદારોને અમારા પ્રદર્શનનો સાચો દૃષ્ટિકોણ આપવા માટે પારદર્શક અને સચોટ રીતે રિપોર્ટ કરીએ છીએ. સચોટ પુસ્તકો અને રેકોર્ડ જાળવવા માટે અમે જવાબદાર અને ઉત્તરદાયી છીએ.

નાણાકીય માહિતીની જાણ કરતી વખતે અમે સામાન્ય રીતે સ્વીકૃત એકાઉન્ટિંગ પદ્ધતિઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય એકાઉન્ટિંગ ધોરણોનો ઉપયોગ કરીએ છીએ. અમારી પાસે નાણાકીય રિપોર્ટિંગ પર આંતરિક નિયંત્રણની વ્યવસ્થા છે જે છેતરપિંડી અથવા ભૂલને કારણે મહત્વપૂર્ણ ખોટા નિવેદનોથી મુક્ત એવા સચોટ નાણાકીય નિવેદનોની સમયસર તૈયારીને સુનિશ્ચિત કરવા માટે પૂરતી છે. અમારી પ્રવૃત્તિઓ દર વર્ષે સ્વતંત્ર નાણાકીય ઓડિટને આધીન છે.



# 6. બોલવા માટે પ્રોત્સાહન

**અમે અમારા કર્મચારીઓ અને ભાગીદારોને વાસ્તવિક અથવા શંકાસ્પદ ગેરવર્તણૂક અથવા અનુપાલનના પ્રશ્નોના કિસ્સામાં બોલવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. બોલવાની હિંમત આંતરિક અને બાહ્ય રીતે વિશ્વાસ નિર્માણ માટે આધાર રજૂ કરે છે. અમે બધી ચિંતાઓ કાળજીપૂર્વક સાંભળીએ છીએ અને તેમને તાત્કાલિક, ઉદ્દેશ્યપૂર્ણ અને સમજદારીથી સંબોધિત કરીએ છીએ. અમે ખાતરી આપીએ છીએ કે સદ્ભાવનાથી આવી પ્રવૃત્તિઓની જાણ કરનાર કોઈ પણ વ્યક્તિ સામે કોઈ બદલો લેવાની કાર્યવાહી કરવામાં આવશે નહીં.**



## 6.1 ક્યારે બોલવું?

જ્યારે તમે કોઈ દુર્ભાવનાપૂર્ણ ઉદ્દેશ વિના સદ્ભાવનાથી ચિંતાને ઓળખો છો અથવા જ્યારે તમે અનુપાલન સંબંધિત કોઈ પ્રશ્ન પૂછવા માંગતા હો ત્યારે તમને બોલવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. વહેલી તકે પગલાં લેવાથી ભૂલો થતી અટકાવી શકાય છે.

## 6.2 કોને સંપર્ક કરવો?

અમે બધા અનુપાલન માટે જવાબદાર છીએ તેથી કેટલીક સૌથી શક્તિશાળી વાતચીત ઓપરેશનલ સેટિંગમાં થાય છે કારણ કે તમે એ ચિંતા વ્યક્ત કરી શકો છો જે અન્ય લોકો પહેલેથી જ વિચારી રહ્યા છે. તે જ સમયે, ઘણા લોકો સંબંધિત કમ્પ્લાયન્સ અધિકારી અથવા ઝેન્ટિવા સ્પીક-અપ લાઇન દ્વારા કમ્પ્લાયન્સ વિભાગ સાથે વાત કરવામાં વધુ રાહત અનુભવે છે.

**કર્મચારીઓ તેમના ડાયરેક્ટ મેનેજર, અન્ય અથવા ઉચ્ચ મેનેજર, સ્થાનિક માનવ સંસાધન મેનેજર અને/અથવા ઝેન્ટિવા એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યનો પણ સંપર્ક કરી શકે છે.**

કમ્પ્લાયન્સ અને સ્પીક-અપ લાઇન સંપર્કો:

www.zentiva.com/speak-up-line

compliance@zentiva.com
ફોન નંબર.: +420 267 242 440
મોબાઈલ નંબર.: +420 725 986 555

ઝેન્ટિવા ગ્રુપ, એ.એસ.
કમ્પ્લાયન્સ હેડ
યુ કાબેલોવની 529/16
102 00 પ્રાગ 10, ચેક રિપબ્લિક

અમારા કર્મચારીઓએ સ્પીક-અપ પર કોર્પોરેટ નીતિનું પાલન કરવું જરૂરી છે.

# કોડ ઓફ એથિક્સ

સંસ્કરણ 4.

ZENTIVA